Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



આત્મ સંવત ૯૧ (ચાલુ) વીર સં. ૨૫૧૨
વિક્રમ સંવત ૨૦૪૨ પોષ

## પદ ૧૦૫

### પ. પૂ. આનન્દઘનજી મ. સાહેબ

અવધુ વૈરાગ બેટા જાયા યાને ખોજ કુટુંબ સબ ખાયા,
જેણે મમતા માયા ખાઇ, સુખ દુઃખ દોનો ભાઇ,
કામ ક્રોધ દોનોકું ખાઇ, ખાઇ તૃષ્ણા બાઈ. (અવધુ૦)

દુર્મતિ દાદી મત્સર દાદા, મુખ દેખતહી મુઆ,
મંગળ રૂપી વધાઇ વાંચી, એ જબ બેટા હુઆ, (અવધુ૦)

પુણ્ય પાપ પાડોશી ખાયે, માન લોભ દોઉ ગામા,
મોહ નગરકા રાજા ખાયા, પીછે હી પ્રેમ તે મામા. (અવધુ૦)

ભાવ નામ ધર્યો બેટા કો, મહિમા વરણ્યો ન જાય,
આનંદઘન પ્રભુ ભાવ પ્રકટ કરો, ઘટપટ રહ્યો સમાઇ. (અવધુ૦)

શ્રી આનન્દઘનજી મહારાજ સાહેબ કહે છે જે યોગી પુરુષ છે તેને વૈરાગ્યરૂપી પુત્ર ઉત્પન્ન થાય છે. તે મોહરાજાનું કુટુંબ ખોળી ખોળીને ખાય છે. પ્રથમ મમતા, પછી માયા, સુખ, દુઃખ, કામ અને ક્રોધ, તૃષ્ણા, દુર્મતિ, મત્સર ખાધાં.

(અનુસંધાન ટાઈટલ પેજ ૩ ઉપર)

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

પુસ્તક : ૮૩ ] જાન્યુઆરી—૧૯૮૬ [ અંક : ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | જિનેશ્વરની વાણી | ડૉ. ભગવાનદાસ મહેતા | ૨૯ |
| (૨) | અહિંસા | ઉમાશંકર કૃત વિશ્વશાંતિ | ૨૯ |
| (૩) | સુભાષિત દુહા | મોહનલાલ દેસાઈ | ૩૦ |
| (૪) | મેઘનદ રાજા | ચારિત્ર રત્ન ગણિ. | ૩૧ |
| (૫) | પહલે સિદ્ધાંત ફિર સન્માન | — | ૩૪ |
| (૬) | રાજકુમારી સુદર્શના | — | ૩૫ |
| (૭) | સાર્થકતા શેમાં | રતિલાલ માણેકચંદ શાહ | ૩૬ |
| (૮) | પ. પૂ. આ. અભયદેવ સૂરિજી | — | ૩૮ |
| (૯) | બૂરામાં બૂરૂં શું. | — | ૩૯ |
| (૧૦) | બ્રહ્મચર્ય રક્ષાર્થે આપઘાત | — | ૪૧ |
| (૧૧) | શ્રી અજારા તીર્થયાત્રા | — | ૪૨ |
| (૧૨) | રડતો સંત | — | ૪૩ |
| (૧૩) | પરમાત્માની ભક્તિથી કષાય-નાશ | — | ૪૩ |
| (૧૪) | મોક્ષાષ્ટક-સાર | પૂ.આ. દેવશ્રી માનતુંગસૂરીશ્વરજી મ. સા. | ૪૪ |


## આ સભાના નવા આજીવન સભ્યો

(૧) શ્રી દલસુખરાય વિઠલરાય શાહ—ભાવનગર

(૨) શ્રી આર. બી. શાહ—ભાવનગર

(૩) શ્રી બટુકભાઈ કચરાલાલ શાહ—ભાવનગર

(૪) શ્રી ભાવસાર જશવંતરાય ચુનીલાલ—ભાવનગર

(૫) શ્રી પ્રતાપરાય દુર્લભદાસ શાહ—ભાવનગર

(૬) શ્રી ભરતકુમાર કાળીદાસ વેજાણી—ભાવનગર

(૭) શ્રી નલીનકાન્ત હઠીચંદ દોશી—મુંબઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




તંત્રી : શ્રી પોપટલાલ રવજીભાઈ સલોત

વર્ષ : ૮૩ ] વિ. સં. ૨૦૪૨ પોષ : જાન્યુઆરી-૧૯૮૬ [ અંક : ૩

# જિનેશ્વરની વાણી

## લે. ડૉ. ભગવાનદાસ મહેતા

સૂત્રો જેમાં અમલ જલ છે અર્થ ગંભીર મીઠાં.
સિદ્ધાંતોના પ્રબળ ઉછળે જ્યાં તરંગો ગરીઠા;
યુક્તિરૂપી સરસ સરિતા, સંગમ સ્થાન યુક્ત,
ચારુ એવો શ્રુતજલનિધિ વર્ણવા કોણ શકત ?
ધીમંતોની પણ મતિ ગતિ તાગ ન લાવે,
બુદ્ધિ જેમાં બુધજન તણી, ક્યાંય નિરુદ્ધ થાવે;
દેખીને જ્યાં ગુણગણ – મણિ ચિત્ત થાયે પ્રસક્ત.
ચારુ એવા શ્રુતજલનિધિ વર્ણવા કોણ શકત ?

# અહિંસા

યુદ્ધ દાવાનળે દાઝયા તપેલા પૃથિવી તલે,
અમી વર્ષાવતી શીળી કોની આ પગલી પડે.
કોના સૂણીને સુર આંસુ ભીના
ગળી જતી વિશ્વની ધારે હિંસા
ઉલેચવા પાપ યુગો–યુગોનાં
શું ઉતર મૂર્તિમંત અહિંસા

— ઉમાશંકર કૃત વિશ્વશાંતિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુભાષિત દુહા

લે. મોહનલાલ દેસાઇ

આંબો અમૃત સાર, દુહવીયો દોષે નહી,
મોટા ન ગિણે માર, કેરી આપે કિસનીયા ! (૧)

મીઠે કી હદ જીભ હૈ, ઐવેંકી હદ ગર્મ્મ,
સુંધે કી જસ વાસના, ભૂખન કી હદ સર્મ. (૨)

એક ઘરી આધી ઘરી, તાહી હો કુન આધ;
સાધાં સેતી ગોઠડી, જીવ્યાં કો ફલ લાધ. (૩)

કાલ્હ કરંતો આજ કર, આજ કરંતો અબ્બ,
એક દિન આવેગી નીંદડી, પડયા રહેગા સબ્બ. (૪)

વિદ્યા વનિતા વેલ નૃપ, નહિ જાંને કુલ જાતિ,
જાહી કેં સંગે રહે તાહી સૈ લપટાતિ. (૫)

જલમે વસૈ કમોદિની, ચંદો વસૈ આકાસ,
જો જાહૂકે મન વસૈ, સો તાહૂકે પાસ. (૬)

મીઠે બોલ્યૈ બહુત ગુણ, જો કોઇ જાંણે બોલ,
વિણ દા માંહી બાહિરો, માણસ લીજે મોલિ. (૭)

અહિ–મુખ પર્યૌ સુ વિષ ભયૌ, કદલી કંદ કપૂર,
સીપ પર્યૌ મોતી ભયૌ, સંગતિ કે કુલ સૂર. (૮)

## આભાર

જૈન આગમ ગ્રન્થમાલા ગ્રન્થાંક ૧૯ (ભા. ૧)

## પઈણ્ણય સુત્તાઈ

સંપાદક : **પુણ્યવિજયજી મહારાજ સાહેબ અને પંડિત અમૃતલાલ મોહનલાલ ભોજક**
ઘણુંજ ઉપયોગી તેમજ આત્મસાધના માટે જરૂરી પુસ્તક ભેટ મળતાં સંસ્થા આભાર વ્યક્ત કરે છે.

(૨) જૈન આગમ ગ્રન્થમાળા ગ્રન્થાંક ૩

## ઠાણાંગ સુત્તં સમવાયંગ સુત્તં ચ

સંપાદક : **મુનિ જમ્બૂવિજયજી** મ. સહાયક **મુનિ ધર્મચન્દ્રવિજયજી**
ખૂબજ આવશ્યક અને બહુજ ઉપયોગી પુસ્તકની ભેટ બદલ સંસ્થા આભાર વ્યક્ત કરે છે.

**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મેઘનદ રાજા

લેખક : ચારિત્રરત્ન ગણિ.

ભરત ક્ષેત્રમાં રંગાવતી નામે નગરી. લક્ષ્મીપતિ નામે રાજા. નામ પ્રમાણે ગુણો ધરાવનાર કમળા નામે રાણી, ઉજ્જવલ શીલ તેના રૂપને શોભિત કરતુ, તેમના પુત્રનું નામ મેઘનદ.

કુમાર ચૌદ મહાવિદ્યામાં પારંગત હતો. ધનુર્વિદ્યામાં અર્જુનને પણ હંફાવે તેવો. શબ્દ વેધીઓમાં અગ્રેસર હતો, શિલ્પ વિદ્યામાં વિશ્વકર્માને પણ જીતે તેવો હતો. અષ્ટાંગ નિમિત્ત શાસ્ત્રમાં પ્રવિણ હતો.

એક દિવસ તે પોતાના મિત્રો સાથે ઉદ્યાનમાં ગયો. ત્યાં તેણે એક મુસાફરને જોઈને પૂછયું, "હે પાંથ! તૂં કયાંથી આવે છે? કયાં જવાનો છે? અદ્દભુત નવીનતા તારા જાણવામાં હોય તો જણાવ."

તેણે કહ્યું, "હે પૃથ્વીપતિ! ચંપા નગરીમાં ધનદત્ત નામે શેઠ છે. તેનો હું સુધન નામે પુત્ર છું. શત્રુંજય મહાતીર્થની યાત્રા માટે નીકળ્યો છું. હાલમાં ચંપામાં મદનસુંદર નામે રાજા છે. તે રાજાને શીલથી શોભતી પ્રિયંગુમંજરી નામે રાણી છે. તેને સંપૂર્ણ લાવણ્યવાળી મદનમંજરી નામે પુત્રી છે. તે જાણે શાક્ષાત્ લક્ષ્મી હોય તેમ શોભે છે. તે કન્યાએ પ્રતિજ્ઞા કરી છે કે જે પુરૂષ વ્યાકરણ, જ્યોતિષ, શિલ્પશાસ્ત્ર તથા સર્વે ભાષાઓ અને ધનુર્વિદ્યા વગેરે જાણતા હોય તેને હું વરીશ. તે માટે રાજાએ સ્વયંવર રચ્યો છે. તેનું મુહુર્ત આજથી એક માસે આવે છે."

તે સાંભળી કુમાર આશ્ચર્ય પામ્યો. તેણીએ વરની પરીક્ષા માટે અતિ વિષમ પ્રતિજ્ઞા કરી છે. પણ તેણીનું પણ પોતાનીજ કળાઓને તુલ્ય એવું જાણીને તેના પર આસકત થયો. ત્યાર પછી મહેલમાં આવ્યો. પણ રાત્રે કુમારને નિદ્રા આવી નહિ. પોતાના ભાગ્યની કસોટી કરવા, કોઈને કહ્યા વગર એકલો જ ચાલી નીકળ્યો.

ચાલતાં ચાલતાં એક ભયંકર અટવીમાં આવી ચડયો. રાત્રિના સુંદર સ્થળ શોધી આરામથી સૂતો. ત્યારે યમરાજ સમાન એક રાક્ષસ તેની સામે પ્રગટ થયો. 'અરે માનવી! તારા ઇષ્ટદેવનું સ્મરણ કરી લે. મને ખૂબ ક્ષુધા લાગી છે. તેથી હમણાંજ તારૂં ભક્ષણ કરીશ."

કુમારે કહ્યું, "હે શ્રેષ્ઠ રાક્ષસ! તારા કુળને ઉચિત વાત કરી. તારી ક્ષુધા મારા દેહથી થતી હોય તો તેથી રૂડું શું? પણ અત્યારે તો હું ચંપાની રાજકુમારીની પ્રતિજ્ઞા પૂર્ણ કરી તેને વરવાની ઉત્કંઠામાં છું. ત્યાંથી પાછા ફરતાં હું તારી પાસે આવીશ. આ મારી પ્રતિજ્ઞા પ્રાણને અંતે પણ લોપીશ નહિ.

કુમારના આવા વચનથી રાક્ષસ આશ્ચર્ય પામ્યો. તેણે કહ્યું, "હે કુમાર! તૂં ખુશીથી જા. તારો માર્ગ નિર્વિઘ્ન હો. મારૂં સ્થાન અહીં નજીકમાં છે. ત્યાં આગળ તારે આવવું."

કુમારે પ્રયાણ કર્યું અને ચંપા નગરીમાં પહોંચ્યો. ત્યાં હજારો રાજા જોયા. પૃથ્વી પર જાણે સ્વર્ગનો કટકો હોય તેવો સ્વયંવર મંડપ જોયો. સ્વર્ગપુરીની સ્પર્ધા કરનાર નગરી જોઈને મેઘનાદ વિસ્મય પામ્યો.

આ અવસરે, ગવાક્ષમાં બેઠેલી તે કન્યાને શ્યેન પક્ષીની જેમ પડીને કોઈએ તેનું હરણ કર્યું. તે જોતાંજ દાસીઓ ગાભરી બનીને માથું કુટતી રાજા પાસે આવી નિવેદન કર્યું. તે સાંભળી રાજા વજ્રથી હણાયો હોય તેમ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દુ:ખી થયો. પછી ખૂબ શોધ કરાવી પણ કશાં સમાચાર મળ્યાં નહિ. હવે શોકની સીમા રહી નહિ તેનું આક્રંદ જોઈ પ્રધાને કહ્યું, "હે દેવ! સામાન્ય મનુષ્યની જેમ આપને શોક વડે વિહ્વળ થવું યોગ્ય નથી. હે રાજન્! આવી પડેલ કાર્યમાં યથાયોગ્ય તાત્પર્યનો વિચાર કરો. દિવ્ય શક્તિ સિવાય દિવસે આ પ્રમાણે હરણ કરી શકે નહિ. તેથી આ રાજાઓમાંથી જે કોઈ તેને લાવીને, તેની પ્રતિજ્ઞા પૂર્ણ કરે તે રજવી કન્યાને મેળવશે-તેવું જાહેર કરો" રાજાએ સંમત્તિ આપી. પ્રધાને રાજવીઓ સમક્ષ કન્યાની પ્રતિજ્ઞા જણાવી અને તેમને કુંવરી શોધી લાવી, તેની પ્રતિજ્ઞા પૂર્ણ કરવા નમ્ર વિનંતી કરી. આ સાંભળી અન્ય રાજાઓ નીચું જોઈ ગયા. પણ મેઘનાદે પડહને સ્પર્શ કર્યો અને જણાવ્યું, "તમારી સમક્ષ સર્વપણની પૂર્ણતા હું લક્ષ્મીપતિ રાજાનો પુત્ર કરી આપું છું"

રાજાએ કહ્યું, "હે ભદ્ર! અમારી પુત્રીની વાર્તારૂપી અમૃત વૃષ્ટિવડે અમને આશ્વાસન કર. તારા પિતા સાથે તો મારે ગાઢ મૈત્રી છે."

ત્યારે રાજકુમારે કહ્યું, "હેમાગંદ નામનો કોઈ વિદ્યાધર આકાશ માર્ગે જતો હતો તેના હૃદયને કન્યાએ હરણ કર્યું. તેથી તેને હરી ગયો.

અહિંથી એક હજાર યોજન દૂર રત્નસાનુ નામનો પર્વત છે, ત્યાં દેવો પણ જઇ શકે નહિ. ત્યાં તે લઈ ગયો છે તેણે રાજકુમારીને ખૂબ પ્રાર્થના કરી, પણ તેણીએ પોતાની પ્રતિજ્ઞા જાહેર કરી" તેથી ક્રોધ પામીને ત્યાંજ મૂકીને પોતાને સ્થાને ગયો છે; તેની રક્ષા માટે ગૃધ્રોના રૂપને ધારણ કરનારી રાક્ષસી વિદ્યાને મૂકી છે. તે ગૃધ્રી નિરંતર વિવિધ પ્રકારના શબ્દ કરે છે કોઇ વખત શુભને સૂચવનારૂં બોલે છે. "તમારૂં કુશળ છે" કોઇ વખત બોલે છે, "અરે! તમે અહીં કેમ આવ્યા? તમારા પર યમરાજ કોપાયમાન છે. અહીંથી નાશી જાઓ"

તે વખતે રાક્ષસીના વચનને જે સાંભળે છે, તે માનવી મુખમાંથી રૂધિરનું વમન કરી, પૃથ્વી પર આળોટે છે અને તત્કાળ મૃત્યુ પામે છે. હવે જો કોઇ શબ્દવેધી તેના મુખને બાણોથી ભરી દે તો તેની શક્તિ હણાવાથી તે તત્કાળ નાશી જાય"

આ સાંભળી રાજા વગેરે વિસ્મય પામ્યા. "અહો! આ કુમારનું જ્ઞાન! આની બુદ્ધિ કેવી છે?" એમ કહી પ્રશંસા કરવા લાગ્યા. "હવે તમારા વિના તેણીને પાછી લાવી આપનાર કોઈ નથી. તો હવે આપજ અમને આનંદ આપો."

તરતજ કુમારે શિલ્પકળા વડે આકાશગામી ઘણાં ગરૂડો બનાવ્યા. એક મુખ્ય ગરૂડ પર તે આરૂઢ થયો. બીજા યોદ્ધાઓને વિવિધ પ્રકારના શસ્ત્રો ધારણ કરી અન્ય ગરુડો પર આરૂઢ થવાનું કહ્યું. ઉત્તમ સુભટોથી પરિવરેલો કુમાર આકાશમાં ઉડયો. ક્ષણવારમાં પર્વત પર જઈ પહોંચ્યો. ત્યાં તેણે રાજકુમારીને દીઠી. કસાઇખાને પડેલી બકરીના જેમ ભયને લીધે તેના નેત્રો કંપતા હતા. તે અવસરે ગૃધ્રીએ વિપરીત શબ્દ કર્યો તેના શ્રવણ સાથેજ સર્વ સુભટો મુર્છા પામ્યા. તરતજ શબ્દવેધીમા ધુરંધર રાજકુમારે બાણો મૂકયાં પક્ષીણીનું મુખ ભરી દીધું. કન્યાનું પણ પૂર્ણ કર્યું. મુખ ભરાઇ જવાથી પક્ષિણીનો પ્રભાવ ક્ષીણ થયો અને તે નાસી ગઈ. હવે દુષ્ટ શબ્દના અભાવથી સુભટોની મુર્છા વળી. ચૈતન્ય પામી કુમાર પાસે આવ્યા. સુભટોએ કન્યાને અથથી ઇતિ સુધી વાત કહી. "હે સુંદર અંગવાળી! જો આ રાજકુમાર સ્વયંવરમાં ન આવ્યા તો હોત આ સંકટમાથી તારૂં રક્ષણ કોણ કરત?

આ સાંભળી કન્યા ખૂબ હર્ષ પામી. વિકસ્વર નેત્રોવડે તેની સામે જોઇ, મનથી તેને પતિ તરીકે વરી. કુમાર તેણીને લઇને, હર્ષિત થયેલ સુભટો સહિત, ગરુડ પર આરૂઢ થયો. ચંપા નગરીમાં નિર્વિઘ્ન પણે આવ્યો. તે જોઈ રાજાનું મન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિસ્મય અને આનંદના સમૂહથી પૂર્ણ થયું. તરત જ લગ્નની સામગ્રી તૈયાર કરાવી. પ્રજાએ પ્રશંસાના પુષ્પોથી કુમારને વધાવ્યો. કુમારને રાજાએ મોટા ઉત્સવ પૂર્વક પરણાવ્યો. હસ્ત મેળાપ વખતે ઘણી વસ્તુઓ અર્પણ કરી. થોડા દિવસ અલાયદા મહેલમાં, પત્ની સાથે રહી રાજકુમાર પોતાના નગર તરફ ચાલ્યો. અનુક્રમે તે રાક્ષસની અટવીમાં આવ્યો, રાત્ર થતા, શ્રમને લીધે સર્વે આરામ કરવા લાગ્યા. પણ સત્પુરૂષો શ્રામત થયાં છતાં પણ આવશ્યક ક્રિયાને છોડતા નથી. નમસ્કાર મહામંત્રનું સ્મરણ પૂર્ણ કર્યું. તેવામાંજ પોતાની પ્રતિજ્ઞાનું સ્મરણ થયું. ગુણીજન પોતાની પ્રતિજ્ઞાને કદાપિ ત્યજતા નથી. ઘડીભર વિચાર આવ્યો. પરણેલી પ્રિયાની શી સ્થિતિ થશે? પણ તેણે તે વિચાર દાબી દીધો. પોતાની પ્રતિજ્ઞાની માહિતી પત્નીને આપવીજ જોઇએ. તેમ નિર્ણય કરી, સર્વ હકીકત જણાવી. રાજકુમારીએ ઘણી સમજાવટ કરી. ત્યારે કુમારે હરિશ્ચંદ્ર, પાંડવોના વચનની યાદી આપી. સજ્જનના વચન-પત્થર ઉપર કોતરેલ અક્ષર જેવાં છે. તેનાથી ચલિત થવાય નહિ. એટલે રાજકુમારી, કુમાર સાથે જવા તૈયાર થઇ પણ કુમારે તેને ખૂબ સમજાવી, ધીરજ આપી. અને ગુપ્ત રીતે એકલો રવાના થયો.

રાક્ષસના ભવન પાસે પહોંચી કુમારે કહ્યું, "હે રાક્ષસેંદ્ર! મેં તારી પાસે પ્રતિજ્ઞા રૂપ રજ્જુથી મારી જાતને બાંધી હતી. તેથી તારી પાસે આવ્યો છું. તારીજ કૃપાથી હું તે સુંદરીને પરણ્યો છું. તારી ઇચ્છા પ્રમાણે કર."

તેને જોઈ હર્ષ પામેલ રાક્ષસ કટારી સજ્જ કરી કુમારનું શરીર છેદવા તૈયાર થયો કે તરત જ મદનમંજરીએ કહ્યું, "હે પાપી! મ કર, મ કર" એમ કહી તે બન્ને વચ્ચે ઉભી. તેના પરાક્રમથી હર્ષિત થયેલ રાક્ષસે કહ્યું, "તૂં કોણ છે? મારા ભક્ષ્યની તૂં રક્ષા કેમ કરે છે?

તે બોલી, "તે મારા જીવિનેશ્વર છે. પૃથ્વીના પાલક છે. આ મહાત્માને મૂકી દે અને મને ખાઈ જા." રાક્ષસે કહ્યુ, "અમારા માટે સ્ત્રી, બાળક અને રોગી અવધ્ય છે." ત્યારે તેણીએ કહ્યું, "તેં આ સત્યજ કહ્યું છે. પરંતુ તેને હણવાથી મારે મરણનુંજ શરણ છે." એમ કહી તેણીએ રુદન શરૂ કર્યું. તેથી રાક્ષસનું હૃદય દયાર્દ્ર થયું. તરતજ ભવનમાંથી દેવતાઇ કચોળું લાવીને તેણીને આપ્યું અને કહ્યું, માંસ સિવાય મોતી વગેરે તે આપે છે. ઉંધે મસ્તકે રહીને ૧૨ વર્ષ મંત્રનો જાપ કર્યો છે તેથી નાગેન્દ્રે હર્ષથી આ કચોળું આપ્યું છે. હવે તૂં મારા માર્ગમાંથી ખસી જા" તત્કાળ બુદ્ધિવાળી તેણીએ કહ્યું, "તેં મારૂં ઘણું હિત કર્યું છે. પણ હું સ્ત્રી જાત છું. તેથી પરીક્ષા કરીને ગ્રહણ કરવા ઇચ્છું છું. આ કચોળાની પરીક્ષા કરૂં ત્યાં સુધી મારા પતિને તૂં મારતો નહિ."

રાક્ષસે હર્ષ પામી કહ્યું, "શીઘ્ર પરીક્ષા કર. મારૂં વચન અન્યથા નહિ થાય."

જેનું મુખ હર્ષથી પુલકિત થયું છે એવી તેણીએ કચોળાની ભક્તિથી પૂજા કરી. પછી બોલી, "ભક્તિથી નમ્ર થયેલ મનુષ્યોના હિત કરવામાં તત્પર હે નાગેન્દ્ર! સ્નેહભરી દૃષ્ટિથી મારી સામે જુઓ. મને શીઘ્રપણે પતિરૂપ ભિક્ષા આપો.

તેણીની વાણી સાંભળીને 'હું છેતરાયો છું–એમ માનતો,' રાક્ષસ ક્રોધ કરી કુમારને કટારીથી હણવા તૈયાર થયો, તેટલામાં બન્નેના પુણ્યથી આકર્ષાયેલ નાગેન્દ્રે પ્રત્યક્ષ થઈ, રાક્ષસનો તિરસ્કાર કર્યો. "આ વિચક્ષણ સ્ત્રીની વાણીથી તૂં છેતરાયો છે. હવે તારા પોતાના કરેલ પાપનું ફળ ભોગવ" એમ કહી લાત મારી યમરાજાના મંદિરે પહોંચાડયો.

( અનુસંધાન પાના ૩૪ ઉપર )



For Private And Personal Use Only

# પહેલે સિદ્ધાંત ફિર સન્માન

રામતનું લાડિહી નામના સુપ્રસિદ્ધ બંગાળી વિદ્વાનના જીવનની એક ઘટના.

એકવખત તેઓ કૃષ્ણનગરના કોલેજિયેટ સ્કૂલના પ્રિન્સીપાલ હતા. તે વખતે તે સમયના બંગાળના લેફ્ટેનન્ટ ગવર્નર શહેરની મુલાકાતે આવ્યા. કૃષ્ણનગરના રાજાએ તેમના માનમાં એક પાર્ટી રાખી. લાડિહી મહાશયને પણ ઉપસ્થિત રહેવા આમંત્રણ મળ્યું હતું. તેઓ ત્યાં ગયા ગવર્નર સાથેની આ પહેલી મુલાકાત હતી. ગવર્નરે લાડિહી મહાશયનું નામ સાંભળ્યું હતું. તેઓ તેમને મળવા ઉત્સુક હતા. તેમને જોતાંજ ગવર્નરે હસ્તધુન માટે પોતાનો હાથ લંબાવ્યો. લાડિહી મહાશયે એક ક્ષણ ગવર્નરના ચહેરા સામે નજર નાખી. બીજીજ પળે તેમણે પોતાનો જમણો હાથ પાછો ખેંચી લીધો. એમ પણ કહ્યું "જે વ્યક્તિએ 'ઈલ્બર્ટ બીલ' તરફ મત આપ્યો હોય તેમની સાથે હું હાથ ન મીલાવી શકું; કેમકે ઈલ્બર્ટ બીલમાં ભારતીય અને અંગ્રેજ વચ્ચે ન્યાયમાં ભેદભાવની છૂટ યોગ્ય માની છે.

તેથી તે સમયે 'ઈલ્બર્ટ બીલ'ને લઇને ભારતમાં ખૂબ ધમાલ મચી હતી. પરંતુ આ રીતે મોટા લોક સમક્ષ ગવર્નર જેવી વ્યક્તિનો હાથ પાછો વાળવો એ કાંઇ નાની સુની વાત ન હતી. એ તો ગવર્નરનું સરાસર અપમાન હતું.

વ્યક્તિ માન-સન્માન કે પ્રશંસા કે પ્રસિદ્ધિની બાબતમાં તેમણે હંમેશ પોતાના સિદ્ધાંતોને મહત્ત્વ આપ્યું છે તેમના મતે ભારતીયનું ગૌરવ વધારે મહત્ત્વનું હતું. એક ગવર્નરની મીઠી નજર મેળવવાની કશી તમન્ના ન હતી.

તેઓશ્રી લોહસંકલ્પ-વ્યક્તિત્વના ખજાનચી હતા. આ બનાવ બન્યા બાદ રામતનુ લાડિહી અને ગવર્નરનો સંબંધ ઘનિષ્ટ બન્યો, છતાં પણ પોતાની નિષ્ઠાના મૂલ્યોનો કદી સોદો કર્યો નથી લોકો પાસે એ સમયમાં પણ વિરોધ વ્યક્ત કરવાનો કેવો જબરદસ્ત તરીકો હતો!

'અરિહંત'ના સૌજન્યથી

---

(અનુસંધાન પાના ૩૩નું ચાલુ)

પછી નાગેન્દ્રે કહ્યું, ખૂબ તપ કરવાથી મેં તેને આ કચોળું આપ્યું હતું. પરંતુ પૂર્વ જન્મના કરેલ અગણ્ય પૂણ્યના પ્રભાવથી ચક્રવર્તીના ચક્ર જેમ તમને આ કચોળું સ્વયં પ્રાપ્ત થયું છે. આથી દરેક અર્થની સિદ્ધિ થશે, દિવ્ય ભોગોની પ્રાપ્તિ થશે" એમ કહી અદ્રશ્ય થયો.

કુમારે મદનમંજરીની પ્રશંસા કરી. "અહો! તારૂં પરાક્રમ અદ્‌ભુત છે. તારા વચનની ચતુરાઈ! તારી બુદ્ધિ નિપુણતા! જો તું મારી પાછળ ન આવી હોત તો મારા પ્રાણ ક્યાંથી હોત! આ કચોળું ક્યાંથી મળત! હવે તો તૂંજ મારી પટરાણી છે! પછી બન્ને સૈન્યમાં આવી સુખે સૂતા. પ્રાતઃકાળે કચોળાને દેવતાના ગૃહમાં સ્થાપી, કુમારે સૈન્ય સહિત પોતાના નગર તરફ પ્રયાણ કર્યું. (ચાલુ)

'શ્રી દાન પ્રદીપ'

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રાજકુમારી સુદર્શના

(ગતાંકથી ચાલુ)

તેણીનું અદ્‌ભુત સ્વરૂપ નિહાળી વિજયસેને કહ્યું, "શું આ વનદેવતા ફરવા નીકળી છે? કે શું આ નાગ કન્યા છે? કૃત્રિમ માનભર્યા કોપને વશ બની સ્વર્ગમાંથી ચાલી આવેલી ઇન્દ્રાણી છે?" તરતજ તે બાળાનો ઘંટડી જેવો મધુર પણ દુઃખ-સંતાપથી મિશ્રિત અવાજ આવ્યો, હાય! હું કેવી મંદભાગ્યા! દેવોના રૂપમદને ચકચૂર કરનાર, ચંદ્ર જેવા નિર્મળ યશથી ત્રણ ભુવનને ઉજ્જવલ કરનાર શ્રી વિજયસેન કુમાર, મારા પિતાએ મને વાગ્દાનમાં આપેલી છતાં મારા હૃદયના લાડીલા સ્વામીનાથને જોવા પણ ન પામી. અહીં દુષ્ટ સિંહરાજાના પંજામાં ફસાઈ ગઇ છું. હવે મારે મરણ સિવાય બીજો કોઈ ઉપાય નથી. માટે આ આસોપાલવની ડાળ સાથે ટિંગાઈ, આપદ્‌ધર્મ તરીકે ફાંસો ખાઇ મારા શીલધર્મની રક્ષા કરૂં."

આ સાંભળી મણિચૂડે વિજયસેન કુમારને કહ્યું, "આ તો આપના ઉપર દૃઢ રાગવાળી કોઈ રાજકન્યા છે."

આ બાજુ પોતાના શરીરને ડાલ સાથે લટકાવી કહ્યું, "હે વન દેવતાઓ! આ મંદભાગિણી મને જન્માંતરમાં પણ વિજયસેન મહારાજ જ ભર્તાર તરીકે પ્રાપ્ત થશો" તરતજ પોતાના શરીરને લટકાવી દીધું.

એટલે મણિચૂડે કહ્યું, આપ આ રીતે ઉપેક્ષા કરો તે ઉચિત ન કહેવાય."

મણિચૂડના માર્મિક પણ લાગણી ભરેલાં વચનો સાંભળી વિજયસેન વિજળી વેગે જઇ ડાબા હાથે તે બાલાને પકડી, જમણા હાથથી તલવારની ધારથી ફાંસાને કાપી નાખ્યો. પછી બાલાને ખોળામાં લઇ એક શિલાપર બેસી ગયો. કુમારે તેના અંગો પાંગોને મૃદુ હાથથી દબાવી શ્રમરહિત કર્યા. પરસેવાના બિંદુઓથી વ્યાપ્ત કપાલને ધીમેથી લૂંછ્યું. કેળના પાનથી પવન નાખ્યો. થોડી વારમાં બાલા સ્વસ્થ થઇ. કુંવરે કહ્યું, "હે બાલે! કોણ સંતાપ દે છે તે કહે કે જેથી હું તેનો નિગ્રહ કરૂં."

આ સુમધુર વચનો સાંભળી, સુદર્શના વિચારમાં પડી. "આ મહાનુભાવના દર્શનથી મારૂં મન પ્રફુલ્લ કેમ થાય છે? તેના પૂર્ણચંદ્ર જેવા મનોહર મુખને નિરખવા મારાં નયન-કમળો વારંવાર વિકસ્વર થઇ કેમ ઉત્સુક બને છે? આ પુણ્યશાલી પુરૂષ કોણ હશે? મારા પ્રાણ વલ્લભ વિજયસેન મહારાજ સિવાય બીજા કોઈ સંભવી શકે નહિ."

ત્યારે વિજયસેન કુમારે કહ્યું, "શા માટે નાહક સંકલ્પ-વિકલ્પોના ઝોલે ચઢી, નાહક માનસિક સંતાપ અનુભવો છો? હું પોતેજ વિજયસેન છું."

## ક્ષમા યાચના

આ માસિક અંકમાં કોઈ અશુદ્ધિ રહી ગઈ હોય અથવા કોઇ ક્ષતિ મુદ્રણ દોષ હોય તો તે માટે મનસા, વચસા, મિચ્છામિ દુક્કડમ્.

–તંત્રી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાર્થકતા શેમાં ?

લેખક : રતિલાલ માણેકચંદ શાહ

જે જન્મે છે તે જરૂર મરે છે. જન્મે છે દેહ. આત્મા તો અજર-અમર છે, તે તો કાયમ માટે ટકનારું દ્રવ્ય છે એટલે તેને મરવાનું હોતું નથી. નાશ થાય છે આ સંયોગે આત્માને મળેલ શરીરનો. આત્માનો મૂળ ગુણ તો પોતાનું શુદ્ધ સ્વરૂપ જ છે. એટલે આપણે આવા અતિ ઉત્તમ મળેલા મનુષ્ય જન્મને સાર્થક કરવા માટે એવો પુરૂષાર્થ આચરીએ કે ફરી ફરીને દેહ ધારણ ન કરવો પડે મનુષ્ય જન્મ મળવો અતિ દુર્લભ છે, અનંતી પુણ્યરાશી એકઠી થઈ હોય ત્યારે તે મલે છે અને તેમાં પણ આ આર્યદેશ મલવો શ્રેષ્ઠ કુલ મળવું સુદેવ, સુગુરુ, સુધર્મ અને સુશાસ્ત્રોનો સંયોગ સાંપડવો તે તો અતિ દુર્લભ છે. જે આજે આપણને તે મળી ચૂકેલ છે બાકી તો આપણો અનંતો કાળ નારકી, નિગોદ, તીર્યંચ અને દેવગતિમાં વ્યતીત થાય છે, જ્યારે અનંતી પુણ્યરાશી એકઠી થાય છે ત્યારેજ મનુષ્ય જન્ન અને આ બધો સહયોગ આ જીવને સાંપડે છે તે ન ભૂલીએ; માટે આવા ચરમોત્કર્ષ મનુષ્ય જન્મનો તેમજ સાંપડેલા શુભ નિમિત્તોનો સદ્પયોગ કરી પોતાના શુદ્ધ સ્વરૂપનું પ્રગટીકરણ કરીએ. ફરી ફરીને આવો સુઅવસર સાંપડવો અતિ કઠિન છે.

ભગવાન તીર્થંકર દેવો પણ પોતાના જન્મોમાં દેહને અમર રાખી શકયા નહિ. કારણ કે દેહ વિનાશી છે, જ્યારે આત્મા અમર છે.' આત્માને સંયોગે મળેલ આ શરીર એક સમયે છોડવું જ પડે છે. 'સંયોગ તેનો વિયોગ' નિશ્ચિત જ છે, તેમાં શંકાને કયાંય સ્થાનજ નથી. આ કુદરતી કાનુન છે જે 'અનીવાર્ય છે તેને નિવારી શકાતું જ નથી' કરોડો ઉપાય યોજો તો પણ જે સમયે આ દેહ આત્માથી છુટો પડવાનો છે તે પડવાનોજ છે. પરંતુ આવા દેહમાં પણ વિશેષતા રહેલી છે તે એ છે કે જીવાત્માનો આ દેહ સાથે સંબંધ છે તે દરમ્યાન જીવે નિર્મોહીપણાનો તેમજ અસંગપણાનો આવિષ્કાર કરીને પોતાના સ્વરૂપનો અનુભવ કરી લેવો જોઇએ. **મનુષ્ય જન્મની સાચી સાર્થકતા આજ છે.** "કાગડાને ઉડાડવા પારસમણિને ફેંકી દેવો તે નરી મૂર્ખતા ગણાય" તેજ પ્રમાણે અનંત પુણ્ય રાશીને કારણે મળેલો આ ઉત્કટ મનુષ્ય જન્મને એશ-આરામ, અમન-ચમન, ચમક-દમક, લાડી-વાડી-ગાડી, કુટુંબ-કબીલા, આપ્તજનો તેમજ દ્રવ્ય એકઠું કરવા પાછળ વેડફી દઇએ તો આવો ચરમોત્કર્ષ જન્મ એળે ગૂમાવી દીધેલો ગણાય. માટે પાછળથી પસ્તાવું ન પડે તે માટે વિષય-કષાયો આદિને ત્યાગીને સાચા પુરૂષાર્થને આચરીએ જેથી જન્મ-મરણના વિષ ચક્રથી અલિપ્ત થઈ શકાય અને સત્યપંથના રાહી બની શકાય.

આત્મા શરીરના સંયોગથી જ્યારે મુક્ત થાય, ત્યારે જેટલા પ્રમાણમાં અસંગતા, નિર્મોહિપણું સમરસતાદિ રહે છે. તેટલા પ્રમાણમાં મોક્ષપદ સમીપ અને સમીપ સરકતું રહે છે. એમ સત્ પુરૂષો કહી ગયા છે. જીવ શરીરથી છૂટો પડે છે ત્યારે પર્યાય અવસ્થા પલટાય છે, પરંતુ આત્મા તો આત્માકારે અખંડ રહે છે, આત્માને કાંઈજ ગૂમાવવું પડતું નથી. જે જાય તે આત્માનું નથી. એવો પ્રત્યક્ષ જ્ઞાન-સ્વાનુભવ થાય નહીં ત્યાં સુધી મૃત્યુનો ડર દૂર થાય નહિ.

આપણા માંહેના પ્રત્યેક આ વાત તો સારી રીતે જાણીએ છીએ કે, જન્મ લીધો છે તો વહેલું કે મોડું અહીંથી વિદાય થવાનું જ છે, કોઇ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પણ જીવને અવિનાશી દેહની પ્રાપ્તિ થઇ નથી એમ પ્રત્યક્ષ અનુભવવા તેમજ જાણવા દેખવા છતાં પણ આપણે આ વાતને વિસારી મૂકીએ છીએ તેનું કારણ એ છે કે, મહામોહની પકડમાં આપણે એવા જકડાઈ જઈએ છીએ કે, આ વાત આપણને યાદ આવતી જ નથી.

જ્ઞાની મહાપુરૂષોએ સ્વજ્ઞાનમાં આ શરીરને અનિત્ય, વિનાશી, અસ્થિર, ચલાયમાન અને પરિવર્તનશીલ જોયું. તો પછી અન્ય જીવો કઇ રીતે પોતાના દેહને નિત્ય રાખી શકશે? જે જે પ્રાણીઓ દેહ ધારણ કરે છે, તે તે પ્રાણીઓ દેહનો ત્યાગ કરે છે તે આપણે નજરોનજર નિહાળીએ છીએ, તેમ છતાં પણ આપણે શરીરનુ અનિત્યપણું સંભાળી નિત્ય દ્રવ્યની આરાધના કરતા નથી, એટલે કે આત્માની અંશે પણ અનુભૂતિ કરતાં નથી. જેને ચોથું ગુણસ્થાનક કહેવામાં આવે છે સમકિતનો આવિષ્કાર કહેવામાં આવે છે. અહિંથીજ ધર્મની શરૂઆત થાય છે. ત્યારબાદ પુરૂષાર્થમાં આગળ વધતા પાંચમે સાચું શ્રાવકપણુ, છઠે ગુણસ્થાનકે ચારિત્રાદિનું પ્રગટીકરણ થાય છે અને તે પ્રમાણે ચૌદમા ગુણસ્થાનકે પહોંચતા પૂર્ણતાએ પહોંચાય છે. માટે આપણે સત્ય પંથના રાહી બની પ્રભુએ ચીંધ્યા માર્ગે આગળ વધીએ અને દેહનું અનિત્યપણુ વિચારી, નિત્ય પદાર્થની આરાધના, ઉપાસના કરીએ, તેમજ મોહ મૂઢતાને વિવેક અને વિચારવડે દૂર કરવાનો પ્રયત્ન કરીએ, આ આપણું આવશ્યક કર્તવ્ય છે. સનિષ્ઠપણે કર્તવ્યનું પાલન કરીએ.

વિષય વાસનાઓ, કામનાઓ, તૃષ્ણા ભોગ-લોભ-લાલચોમાં આપણે એટલા ગળાડૂબ રહેએ છીએ કે, આત્માને તદ્દન ભૂલી જઈએ જેથી ન કરવાના કામ કરી બેસીએ છીએ અને જે કરવાનું છે તે સહેજે કરતા નથી. જેથી જન્મ-મરણ રૂપી વિષચક્રથી આપણે વેગળા બનતા નથી અને ચોર્યાસી લાખ યોનિમાં આવન-જાવન કરી અનંતા દુઃખો ભોગવીએ છીએ, થોડાં માનેલા કલ્પિત સુખો પાછળ આપણે અનંતો સંસાર વૃદ્ધિને પામે છે.

માટે આપણે આ વિચારવું અત્યંત આવશ્યક છે કે આપણને આવો ચરમોત્કર્ષ મનુષ્ય દેશ શાથી પ્રાપ્ત થયો છે? શા માટે પ્રાપ્ત થયો છે? એનો મૂળભુત ઉદ્દેશ શું છે? આપણે કોણ છીએ? કયાં જઈ રહ્યા છીએ? આપણે શુ કરી રહ્યા છીએ? કયાંથી આવ્યા છીએ? કયાં જવાનું છે? આવી કલ્યાણમઈ ભાવના, જિજ્ઞાસા કેળવીએ.

માનવદેહ મલ્યા છતાં અજ્ઞાનમાં આળોટી આપણે કેવળ ભૌતિક પદાર્થો અને ભૌતિક સુખ-સગવડોને જ ઉન્નતિ અને સફળતાનું ચિહ્ન માની લીધું છે. પરંતુ મનુષ્ય શરીર, બળ, બુદ્ધિ, ધન, વૈભવ, યશ-કીર્તિ, સાધન-સંપત્તિ અને ખુરસી મહાન મનાતો હોય છતાં પણ જ્યાં સુધી આપણામાં આત્મ-સંપત્તિ અને આધ્યાત્મિક ચેતનાનો અભાવ છે ત્યાં સુધી તદ્દન નિર્ધન અને નીચ યોનિના ગણાઈએ છીએ. આત્મોન્નતિ અને આધ્યાત્મિક ચેતના જ સાચી પ્રગતિ અને વિકાસ ગણાય છે. માટે તે મેળવવાનો પુરૂષાર્થ ફોરવીએ અને માનવ જીવનને સાર્થક બનાવીએ.

---

હે પુણ્યાત્મન્! આ સંસાર કેવો વિચિત્ર છે કે જ્યાં એક સમયે જે આત્મા મા બને તેજ આત્મા કરેલ કર્માનુસાર ભવાતરમાં સ્ત્રી પણ બને, પુત્ર પણ બને, પિતા પણ બને, મિત્ર પણ બને અને લાગ આવે તો દુશ્મન થઇને પણ ઉભો રહે! માટે જ શ્રી જિનેશ્વર પ્રભુ કહે છે સંસારના રંગ રાગને તજીને સદાચારના માર્ગે ચાલ, પરોપકાર કરી અક્ષય સુખ મેળવ!!!

---



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ. પૂ. આચાર્ય અભયદેવસૂરિજી

એ હતા આચાર્ય ભગવંત શ્રી જિનેશ્વરસૂરિજીના સુવિનીત શિષ્ય. ધારાનગરીના કોઈ ધનાઢય જૈનના પુત્ર. રૂપ, લાવણ્ય અને મેધા ત્રણેયનો હતો સંગમ. અને તે પણ વિશિષ્ટ સ્વરૂપે.

ગુરુદેવની વૈરાગ્ય નીતરતી દેશના સાંભળીને એ નવયુવાને દીક્ષા લીધી- ગુરુભક્તિને જીવનનો ગુરૂમંત્ર બનાવ્યો તપ, જપ, અને સ્વાધ્યાયની સાધનામાં પલાંઠી મારીને બેસી ગયા. પરિણામે ટૂંક સમયમાં જ બેજોડ વિદ્વાનોની હરોળમાં આવી ગયા તેમની વ્યાખ્યાન શક્તિના દિગંતોમાં વખાણ થવા લાગ્યાં.

અનેક મુનિઓને તેઓ પાઠ આપવા લાગ્યા.

એક રાત્રિની વાત છે. પ્રતિક્રમણની ક્રિયા બાદ મુનિઓને તેઓ અજિત–શાન્તિ સ્તવનનો અર્થ સંભળાવતા હતા. યોગાનુયોગ શૃંગાર રસનું વર્ણન કરવાનો પ્રસંગ આવ્યો. બાજુમાં જ અંતઃપુર હતું. રાજરાણીઓ અને રાજકુમારી તેમાં હતાં. આ વાતનો વિશેષ ખ્યાલ ન રહ્યો. મુનિવર અભયદેવે તો શૃંગાર રસનું અદ્ભુત વર્ણન શરૂ કર્યું. તેની સાથે અદ્ભુત સૂરોથી તે સ્તવન ગાયું. અંતઃપુરમાં રહેતી રાજકુમારી એકદમ આકર્ષિત થઈ તે ઉપાશ્રયમાં આવીને બેસી ગઈ.

શૃંગાર રસના અચ્છા જાણકાર એ મુનિવરને જ પોતાના ભાવિ વર તરિકે તેણે મનથી માની લીધા. તેણીના આગમન આદિની ખબર પડતા, અભયદેવ મુનિ સફાળા સાવધ બની ગયા. પછી કાયાના બિભત્સ રસનું એવું વર્ણન કર્યું કે રાજકુમારી ત્યાંથી ઉઠીને ચાલી ગઈ. બલા ટળી ગયાનો સહુ મુનિઓને સંતોષ થયો. એક વાર વ્યાખ્યાનમાં અભયદેવ મુનિએ એવું જોરદાર વીર રસનું વર્ણન કર્યું કે ક્ષત્રિય શ્રોતાજનો તલવાર ખેંચી કાઢીને ત્યાંજ ઉભા થઈ ગયા.

આ બે પ્રસંગોથી ગુરુદેવ ચિંતાતુર બન્યા. તેમને આ મુનિના સંયમી જીવન ઉપર જોખમ તોળાતું દેખાયું.

એક દિવસે તેમણે ઉરની આ વ્યથા શિષ્યને જણાવી. મેધા ઘટાડી નાખવા માટે જુવાર અને દહીં સિવાય કશું જ ન લેવાની પ્રેરણા કરી.

બીજી જ પળે સુવિનીત શિષ્યે એ પ્રેરણાને આજીવન પ્રતિજ્ઞામાં પલટી નાંખી. ગુરુદેવને ખૂબ સંતોષ થયો. તેમને આચાર્યપદ આરૂઢ કરવામાં આવ્યા.

થોડા સમયબાદ ગુરુદેવ દેવલોક થયા આ બાજુ જુવાર અને દહીંના સેવનથી આચાર્યદેવ શ્રી અભયદેવ સૂરિજીને આખા શરીરે કોઢ વ્યાપ્યો. એટલું જ નહીં પણ શારીરિક સ્થિતિ વિષમ બની. બેચેની વધતી ચાલી.

એક દિવસ તેમણે વિચાર્યું કે જ્યારે કાયા કામ આપતીજ નથી તો તેને ટકાવી રાખીને શું કરવું? વૈદ્યો તો ઔષધ અને અન્ય વસ્તુઓનું સેવન કરવાનું કહે છે, જેથી આ રોગ શાન્ત થાય. પણ મારી પ્રતિજ્ઞાનું શું? ગુરુ–આજ્ઞાનું શું? આ બધા કરતાં તો અનશન કરીને દેહત્યાગ કરવો—એજ ઉચિત છે.

અંતે ખંભાતના અખાતને મળતી શેઢી નદીના કિનારે અનશન કરવા માટે જવા નીકળ્યાં. ત્યાં પહોંચી, જ્યાં અનશનની પ્રતિજ્ઞા કર છે ત્યાં જ પદ્માવતીજી પ્રગટ થયાં અને તેમને

( અનુસંધાન પાના ૪૦ ઉપર )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બૂરામાં બૂરૂં શું ?

મહાકવિ કાલિદાસ શૂન્ય મનસ્ક બનીને સાંજનું વાળું કરી રહ્યાં છે. યૌવનના ઉંબરે પગ મૂકીને ઊભેલી તેમની અઢાર વર્ષની પુત્રી પિતાજીની સામે બેઠી છે. પિતાજીની ચિંતાપૂર્ણ મુખમુદ્રા જોઈને એ પણ ઉદાસ બની ગઈ છે. "શું થયું હશે આજે રાજસભામાં ?" રાજાજીએ પિતાજીનું અપમાન તો નહિ કર્યું હોય! દીકરીને કાંઈ જડતું નથી. છેવટે અકળાઈને પૂછયું. "પિતાજી ! આટલી બધી ચિંતા કેમ ? વિચારના કોઈ ઉંડાણમાં ઉતરી ગયા છો ? કે રાજનીતિના કાવાદાવાએ તમારા પર પોતાનો પંજો લંબાવ્યો છે ? શું છે ?

સૂકું સ્મિત વેરતા કાલિદાસે કહ્યું, "બેટા! કાંઈ જ નથીં આજે રાજા ભોજે વિદ્વાન્ સભાને પૂછયું, "જગતમાં બૂરામાં બૂરૂં શું ?"

રાજાજીને કોઇના જવાબથી સંતોષ ન થયો. હંમેશના શિરસ્તા મુજબ, એનો ઉત્તર શોધી કાઢવાનું મારે શિર આવ્યું. પંદરમાં દિવસે તેનો સાચો જવાબ આપવાનો છે."

બૂરૂં શું ? સ્ત્રી ? સત્તા ? સંપત્તિ ? શું ? કયાંય મન માનતું નથી બેટી! તું શું કરીશ ? મારી ચિંતા તારાથી દૂર થશે ? નાહક, તું ય કયાં ચિંતામાં પડે છે ? સળગવા દે મને એકલાને જ આ ચિંતામાં" કાલિદાસે નિસાસો નાંખ્યો.

ત્યાં તો ખડખડાટ હસતી દીકરી બોલી ઊઠી, "ઓહ ! એમાં શી મોટી વાત છે ? જાઓ, ખાઈ-પીને મોજ કરો. ચૌદમા દિવસની સાંજે આ પ્રશ્નનો ઉત્તર હુંજ તમને આપી દઈશ."

આ સાંભળીને કાલિદાસ પ્રસન્ન થઇ ગયા. દિવસ પર દિવસ જવા લાગ્યા. વાત વિસારે પડી. ચૌદમો દિવસ રમતો રમતો આવી લાગ્યો. સવારથીજ કઢાયાં દૂધ ઉકળવા લાગ્યાં. ષડ્રસ ભરપૂર પકવાન્નો તૈયાર થવા લાગ્યાં. ઉત્તમોત્તમ માદક ઔષધો ઘૂંટાઈને તૈયાર થવા લાગ્યા. આખુંય આંગણું માદક સુંગધથી મહેકી ઉઠયું. સાંજ સુધીમાં સ્વર્ગનું સઘળુંય સૌભાગ્ય અને સૌંદર્ય જાણે ઘરમાં ઉતરી આવ્યું !

રાજકાજથી પરવારી કવિશ્રી સાંજ પડતાં ઘેર આવ્યા. કલીબને પણ પાણી ચઢાવે તેવાં માદક દ્રવ્યોનું ભરપેટ ભોજન કર્યું. કસુંબાના બે ત્રણ ગ્લાસ મોંએ ચઢાવી દીધા. કવિનું મન ગજબની માદકતામાં ઢળી પડયું. લગભગ અંધારૂં થવા લાગ્યું. કાલિદાસ ઉઠીને શયનખંડમાં જાય છે. સામેજ સોળે શણગાર સજીને પોતાની દીકરી એકલી ઉભી છે. અંગેઅંગમાં નશો ભર્યો છે. ઉર્વશીની પ્રતિકૃતિજ જોઈ લો. કાલિદાસ ભાન ભૂલે છે. એની સામે દોડે છે એજ વખતે એકાએક દીપક બુઝાઇ જાય છે. રાત છાનીમાની પસાર થઇ જાય છે.

પ્રભાત થયું. કાલિદાસના મુખ ઉપર આજે એકલી કાલિમાં વ્યાપી ગઈ છે. અંતર શોકથી ઉભરાઈ રહ્યું છે. અંગેઅંગમાં વીતી ગયેલી રાતની પાપ કથાના શૂળ ભોંકાઇ રહ્યાં છે. નિસાસા નાખતાં કાલિદાસ પાસે દીકરી આવે છે. હથેલીમાં માથું સંતાડી દઈને ધ્રુસકે ધ્રુસકે કવિ રુદન કરે છે.

ખભા ઉપર હાથ ફેરવતી દીકરી કહે છે, "પિતાજી ! કહો, બૂરામાં બૂરૂં શું ? એકાંતજને ? આ વાત સમજાવવા માટે જ મેં આ તોફાન ઉભું કર્યું હતું.

પણ....આ....શું થઇ ? "કાલિદાસે સંધાતા તૂટતા અવાજે કહ્યું."

પિતાજી, પિતાજી! કાંઇજ થયું નથી. એજ વખતે મારા સ્થાને મેં મારા માતાજીને હાજર કરી દીધાં હતાં! આપ નિશ્ચિત થઈ જાઓ. નિષ્પાપ પિતાજી, બૂરામાં બૂરૂ. એકાંત છે. એ વાત કહી દેવાથી કોઈ સમજે નહિ. માટેજ મારે આ તોફાન કરવું પડયું."

કાલિદાસ જેવા ધીર, બુદ્ધિમાન પુરૂષની બુદ્ધિને ધૂળ ચાટતી કરી દેવા માટે **એકાન્તે** કેટલી જબ્બર થપ્પડ ઝીંકી દીધી.

માદક ભોજન, વિગઇઓના ભોજન પણ આ રીતે એકાંત દ્વારા પાપ વિકારોને જન્મ આપવા સમર્થ બને છે-એ વાત અહીં ફલિત થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રતિશ્રી,

પ્રમુખશ્રી/મંત્રીશ્રી,

પાર્શ્વનાથ જીવદયા કલ્યાણ કેન્દ્ર, **ભાવનગર.**

શુભ મંગલમ્ સાથ, હું નશાબંધી મંડળનો કાર્યકર છું, અને જીલ્લામાં નશાબંધીનો પ્રચાર કરું છુ. તેથી જીવદયાની હિંસા ના થાય તે પણ ખાસ જરુરી હોઈ ગ્રામ્ય પ્રદેશમાં જીવો કતલખાને ના જાય તેનું સતત ધ્યાન આપું છુ. ગ્રામ્ય સ્તરે અહિંસાનો પ્રચાર કરું છું. જેમાં યુવક મંડળો દ્વારા ખાસ સારૂં કામ થાય છે. જેની વિગતો નીચે પ્રમાણે છે.

(૧) અમરેલીથી મુંબઈ ખાટકી દ્વારા ખટારામાં જતાં જીવો. ૭૦ જીવો, બકરા, ઘેટાં ૭૦ જીવોને છોડાવેલ. રંઘોળા યુવક મંડળ, અને જૈન યુવાનો દ્વારા ઢસા અને ઉમરાળા વચ્ચે રંઘોળા રોડ ઉપર તે જીવોને પાંજરાપોળમાં સોંપવામાં આવેલ.

(૨) ધોળા રેલ્વે સ્ટેશન પાસે ફાટક પાસે. ધોળા તેમજ ટીંબીના યુવક-મંડળ ગ્રામ્ય રક્ષકો દ્વારા, પંચાયતના સભ્યો દ્વારા ટીંબી પેટ્રોલ પંપ પાસે **મગનદાદા** ધોળાના જૈન વૃદ્ધ દાદા છે તેઓ સાક્ષી છે ૪૦ ગાયો અને બળદો બચાવ્યા.

(૩) વલ્લભીપુર જૈન યુવક મંડળ, માંચ મંડળ, પ્રમુખશ્રી ચંદ્રકાન્તભાઇ બધેકા દ્વારા અને પોલીસે ની મદદ ની ૩૫ ગાયો બળદો છોડાવ્યા.

(૪) વંડા સાવરકુંડલા તાલુકો : વાઘરી પાસેથી, સરપંચો, યુવક મંડળ, મસરાણીભાઈ, રસિકભાઈ સોનપાલ, દડુભાઈ, વગેરે મળીને ૯૦ જીવ. ગાય, બળદ, બકરા ઘેટા.-૭૦

કુલ ૨૧૫ જીવોને બચાવેલ છે.

**—હરિપ્રસાદ શંભુશંકર ત્રિવેદી—ભાવનગર**

---

( અનુસંધાન પાના ૩૮નું ચાલુ )

પ્રતિજ્ઞા કરતાં રોકીને કહ્યું, "સૂરિજી ! આ રીતે દેહ ત્યાગ ન કરો. તમારી તીક્ષ્ણ મેધાશક્તિ છે. પૂજ્ય શીલગુણસૂરિજી રચિત ૧૧ અંગોની ટીકા-માંથી હાલ બેજ ઉપલબ્ધ છે-તમે રચો. જ્યાં ન સમજાય ત્યાં મારૂં સ્મરણ કરજો, હું તમારી મદદે આવીશ."

"પણ આ કાયિક તીવ્ર બેચેની મને ગ્રન્થ-રચના શે કરવા દેશે ?" આચાર્યદેવે પ્રશ્ન કર્યો, દેવીએ કહ્યુ, "એ ચિંતા તમે ન કરો. પરમાત્મા

પાર્શ્વનાથના પ્રક્ષાલ જલના છંટકાવથી તે બેચેની દૂર થઈ જશે. તમારે કોઈ ઔષધ કે અનુપાન લેવું ય નહી પડે. ગુરૂ-આજ્ઞા અબા-ધિત રીતે સાચવવાની તમારી ભાવના જરા પણ ખંડિત નહિ થાય."

દેવી અંતર્ધ્યાન થયા. તેમના કહ્યા મુજબ જ બધું થયું, ગુરૂ આજ્ઞા અખંડ રીતે પાળી શકયાનો આનંદ તેમના ઉરમાં સમાતો ન હતો. પ્રચંડ મેધા શક્તિનું વલોણું કરીને તેમણે નવે અંગો ઉપર અદ્ભુત ટીકાઓ રચી.

જો તેમણે ગુરૂ-આજ્ઞાને અંખડ રીતે પાળી ન હોત તો ? ટીકા રચવાની તાકાત અને દેવ-સાન્નિધ્ય મળત જ કયાંથી ?



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બ્રહ્મચર્ય રક્ષાર્થે આપઘાત

એક નગર હતું. તેમાં સુદર્શન નામે શેઠ રહે. તેને બે પુત્રો જયસુંદર અને સોમદત્ત.

બન્નેનાં લગ્ન જયવર્ધન શેઠની બે દીકરીઓ સોમશ્રી અને વિજયશ્રી સાથે થયાં. બન્ને ઘર જમાઈ બનીને રહેવા લાગ્યા.

તેવામાં એક દિવસ પોતાના પિતા સુદર્શન શેઠની ગંભીર માંદગીના સમાચાર જાણી, જયસુંદર અને સોમદત્ત સસરાના ઘેરથી તાબડતોબ નીકળ્યા. પરંતુ ઘરે પહોંચતા પહેલાજ પિતાજીનું મૃત્યુ થઇ ગયું. તેથી બન્ને પુત્રોને આઘાત લાગ્યો. દિવસો સુધી કલ્પાંત કર્યું. તેમને આવા તકલાદી સંસાર પ્રત્યે ભોગસુખો પ્રત્યે, નફરત થઈ ગઈ.

યોગાનુયોગ તેજ વખતે કોઈ જ્ઞાની ગુરૂદેવ તે નગરમાં પધાર્યા. બન્ને પુત્રોએ દીક્ષા આપવા તેમને વિનંતી કરી. જ્ઞાનીએ જણાવ્યું, "દીક્ષા તો આપું પણ તમને બન્નેને સ્ત્રી તરફથી ભારે ઉપદ્રવ થવાનો છે, તમે તેમાંથી પાર ઉતરી જશો?" બન્નેએ કહ્યું, "ગુરુદેવ! આપની આશિષથી ચોક્કસ એ ઉપદ્રવમાંથી પાર ઉતરી જશું."

અને શુભ મુહૂર્તે બન્નેની દીક્ષા થઇ ગઈ. બન્ને મહાસત્ત્વશાળી બન્યા, મહાજ્ઞાની થયા.

ગુરૂ-આજ્ઞાથી એક વખત જયસુંદર મુનિ એકાકી બનીને અપ્રમત્ત ભાવે વિહાર કરતાં કરતાં પોતાના સંસારી અવસ્થાના સાસરીઆના નગરે અને ભીક્ષાર્થે તેમના ઘેર જઈ ચડયા.

કામવાસનાથી પીડાતી પોતાની સંસારી પત્ની તેજ માસમાં ગર્ભવતી બની ચૂકી હતી પોતાનું પાપ ન કળાય તે માટે તેણીએ પતિ-સાધુ પાસે ભોગની યાચના કરી. ભારે કાલાવાલા કર્યા, મુનિએ ખૂબ સમજાવવા છતાં, જ્યારે તે ન માની ત્યારે મુનિએ પોતાનો માર્ગ નક્કી કરી લીધો. આ અંગે વિચાર કરવાનો સમય માગી, ત્યાંથી નીકળી ગયા. અન્યત્ર કોઈ શૂન્ય ઘરમાં જઇને ગળે ફાંસો ખાઇ લીધો. કાળધર્મ પામીને મુનિ બારમા દેવલોકે દેવાત્મા થયા.

ગમે તે રીતે સોમશ્રી પકડાઈ. તેના ઉપર મુનિહત્યાનો આરોપ મૂકીને તેના માત-પિતાએ તેને ઘરમાંથી કાઢી મૂકી. રખડતી રખડતી જ તે મૃત્યુ પામી.

નાની બેન પણ તેની પાછળ ઘરમાંથી નીકળી ગઇ. કયાંક રસ્તામાં તેને પોતાના સંસારી પતિ સોમદત્ત મુનિ મળી ગયા. તેને જોતાંજ કામાર્ત્ત થઇ. મુનિ પાસે કામયાચના કરી રડવા-ઝૂરવા લાગી. મુનિએ ખૂબ સમજાવ્યું પણ તે નજ માની મુનિને ગુરૂએ તેની દીક્ષા વખતે કહેલ શબ્દો યાદ આવ્યા. "સ્ત્રી તરફથી ભયંકર ઉપદ્રવ થવાનો છે."

હવે શું કરવું? મુનિએ આસપાસ નજર કરી થોડે દૂર ગીધના ટોળાંને મડદાઓની મિજબાની ઊડાવતાં જોયાં. તેમણે અનુંમાન કર્યું, 'તેજ જગ્યાએ તાજુ જ ખૂનખાર યુદ્ધ ખેલાયું લાગે છે. લાવ ત્યારે હું તે મૂડદાઓ વચ્ચે જઈને અનશન કરવા પૂર્વક સૂઈ જાઉ.' મારા આત્માને બ્રહ્મચર્ય-ખંડનમાંથી બચાવું."

તે સ્થાને પહોંચી મુડદાઓ વચ્ચે સૂઈ ગયા. બીજી જ પળે ગીધ તેનાં પર તૂટી પડયા, કાળ ધર્મ પામી તે મુનિ અનુત્તર વિમાનમાં દેવ બન્યા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી અજારા તીર્થ યાત્રા

તા. ૨૮-૧૨-૮૫ શનિવારના સૂર્યના બાલ કિરણો પ્રસર્યા ને શ્રી આત્માનંદ સભા, (ભાવનગરના સભ્યોના હૈયે પરમ પાવનકારી પાર્શ્વનાથની યાત્રાની ભાવનાની હેલી ચઢી, પૂર્વ તૈયારીમાં આવનાર સભ્યો ગુંથાયા. સવારના પૂજા આદિનો લાભ લઇ, બપોરના દોઢ વાગે સભાના મકાન પાસે એક પછી એક આવવા લાગ્યા. સહુના દીલમાં અનેરો આનંદ પ્રવર્તી રહ્યો હતો.

નિશ્ચિત સમયે બસ આવી પહોંચી સહુકોઇ પોતાપોતાને સ્થાને ગોઠવાયા. પ્રેક્ષકોને પણ આનંદ આવતો હતો. તેથી કેટલાક જગા હોય તો આવવા તલપાપડ થઈ ગયા. પણ કોઈ અવકાશ ન હતો.

સમયસર તળાજા પહોંચી તાલધ્વજગિરિની યાત્રાનો લાભ લીધો. સ્તુતિ, ભક્તિ, ચૈત્યવંદન આદિથી આત્માને પાવન કરી બસમાં સ્થાન લીધું. મહુવામાં જિવીત સ્વામીના દર્શન કરી, પુનિત પળોને ધન્ય માનતા, આત્માની ઉજ્જવળતા ઝંખતા સહુ પોતાને સ્થાને ગોઠવાયા.

પાવનકારી શ્રી અજારા પાર્શ્વનાથના મંદિરે પહોંચતા વાતાવરણ પ્રભુના જયનાદથી ગુંજી ઉઠયું. પ્રભુજીની અલૌકિક પ્રતિમાના દર્શન કરી આનંદ વિભોર બન્યા. જિંદગીની અમૂલ્ય ક્ષણો!

રવિવારના પ્રાત: સમયે મંદિરના ઘટ રણક્યો, સહુ મંદિરે દર્શનાર્થે પહોંચ્યા બીજા યાત્રિકોની સંખ્યા પણ સારી હતી. પ્રક્ષાલની ઉછામણીમાં ઉમંગે સાથ આપ્યો. પ્રભુજીની પ્રક્ષાલ કરતા, પૂર્વ સંચિત પાપનું પણ ધોવાણ થઈ ગયું. બરાસ પૂજા, કેસર પૂજા, ફુલ પૂજા, મુગટ પૂજા, આરતી ને મંગલ દીપકની ઉછામણી સહુને ઉત્સાહ અર્પતી અને ધનના સદ્વ્યયની આંતરિક પ્રેરણા કરતી હતી.

ત્યારબાદ સ્નાત્ર અને મહાપૂજાની તૈયારી મંડપમાં થઈ. સહુએ ખૂબ ઉલ્લાસ પૂર્વક પૂજા ભણાવી. દિવસ તો ધન્ય બન્યો અને સભ્યોના જીવન પણ ધન્ય બન્યાં. સ્મૃતિપટ ઉપર ચિરસ્થાયી રૂપે અંકિત થયો. ભોજનબાદ, દેલવાડા અને દીવ તીર્થ દર્શન કરી અમૂલ્ય લાભ લીધો.

અંત:પ્રેરણાથી સભ્યોએશ્રી અજારા પાર્શ્વનાથ પેઢીમાં રકમ ભરાવી આત્મ સંતોષ અનુભવ્યો.

સાંસારિક જીવન – જાળમાંથી મુક્ત બનવું અને જીવનની અનેરી પુનિત પળો મ્હાણવી એ પણ પૂર્વ પુન્યની કમાણી હોય તો જ બને છે. અત્યારે જે સુકૃત્યનું વપન થાય છે તેના ફલ સ્વરૂપે ભાવી જન્મમાં સુકૃત્ય માટે સંજોગો અને સાનુકુળતા સાંપડે છે, માટે 'અવસર ચૂકયા મેહુલા' એવી સ્થિતિ ન થાય તે માટે શ્રી આત્માનંદ સભાના સભ્યો સજાગ બને અને સભાના ઉપક્રમે ગોઠવાતી યાત્રામાં વિપુલ સંખ્યામાં ભાગ લે તેવી નમ્ર વિજ્ઞપ્તિ.

હે જીવ! આ વિશ્વમાં એવું કોઈ સ્થાન નથી, એવી કોઈ જાતિ નથી, એવું કોઈ કુળ નથી અને એવી કોઈ યોનિ નથી કે જ્યાં તું અનેકવાર ઉત્પન્ન ન થયો હોય! અર્થાત્ સર્વત્ર અનેકવાર જન્મ-મરણ કરતો તું વર્તમાન કાળે મનુષ્ય થયેલ છે, તો હવે જો ત્હારે પરમપદ મેળવવું હોય તે અત્યારે પૂર્વ પુણ્યોદયે ત્હને શુભ અવસર મળેલ છે તો તે તકને સાધી લે !!!



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રડતો સંત

તે આત્માએ પોતાની કિશોર વયમાં સગી બહેન સાથે પાપ સેવ્યું. પરંતુ ત્યારબાદ તેને ભારે આઘાત લાગ્યો. તે ઘેરથી ચાલી નીકળ્યો. દિવસ અને રાત રડતો જાય છે. જે મળે તેને કહે છે, "મને માફ કરો, મારી ભુલ થઇ છે, રે વૃક્ષ! નદી! તળાવ! રે કુદરત! તું મને માફ કર. તારા અનુશાસન વિરૂદ્ધ મેં ભયંકર પાપ કર્યું છે."

આ પ્રમાણે રડતો-બોલતો તે એક ટેકરી પર ચઢે છે. ત્યાં બાર વર્ષો સુધી રહે છે. ફળાદ ખાઈને જીવન ટકાવે છે. રડી રડીને આંખો સૂઝી જાય છે. મોં સદા લાલચોળ રહે છે.

ટેકરીની તળેટીમાં આવેલ ગામોમાં તેની પ્રસિદ્ધિ થાય છે. સહુ તેને 'રડતો-સંત' કહે છે.

બાર વર્ષના અંતે એક કુષ્ટ-રોગી તેની પાસે આવે છે અને ચરણને સ્પર્શે છે. તેથી તેનો કોઢ નિર્મૂળ થાય છે. પવનવેગે વાત પ્રસરે છે.

ટેકરી તીર્થધામ બને છે. હજારો રોગિષ્ટ લોકો આવે છે અને નીરોગી બને છે.

પાપગર્હા કરતાં અગણિત આત્માઓ એવી શુદ્ધિ પામી ગયા છે કે જેમાંથી તેમને વીતરાગ દશા અને કૈવલ્યની પ્રાપ્તિ થાય છે.

શુદ્ધિ વિનાનો પુણ્યવાનો ભલે જગતનું હિત કરવામાં નિમિત્તભાવ પામતા હોય પરંતુ તેઓ અંતરંગ રીતે તો ખૂબ ભુંડી વાસનાનો ભોગ બનેલા હોય છે એમનું ભીતરી જીવન ખૂબજ ભયંકર હોય છે કે જે એમના પુણ્ય દ્વારા ઢંકાઇ ગયેલું હોય છે.

મોહનીય કર્મના નાશ માટે (ગર્હા) ધિક્કાર જેવું બીજું કોઇ અમોઘ શસ્ત્ર નથી.

# પરમાત્માની ભક્તિથી કષાય-નાશ

બૈજુ આ જન્મ સંગીતકાર હતો. પિતા પણ સંગીતકાર. મૃત્યુ સમયે બૈજુએ વચન આપેલું કે તેમના પ્રતિસ્પર્ધી તાનસેનને મારી, કરેલ અપમાનનો બદલો લેશે. બૈજુ પોતાની ધૂનમાં મસ્ત રહેતો. વચ્ચે વચ્ચે પિતાજીને આપેલ વચનની યાદથી અંગેઅંગમાં કષાયની જવાળા પ્રદીપ્ત થઇ જતી. તાનસેનને મારવા ઘણ પ્રયત્નો કર્યા. એક-બે વખત તાનસેનના ખંડમાં પણ જઇ આવ્યો. જ્યાં તાનસેન તેની સંગીત સાધનામાં મસ્ત હતો. પણ દરેક વખતે તે પાછો ફરી ગયો.

તાનસેનને મારવાની ધૂનમાં તેજ નગરમાં રાત-દી બૈજુ રહેવા લાગ્યો. એક વખત સંધ્યાના સમયે એક મંદિરમાં બૈજુ પરમાત્માની સાથે એકાકાર થઈ ગયો. ત્યારથી તે પ્રભુ ભક્ત બની ગયો. એકવાર મંદિરમાં તેની ધૂન, તેનું ગીત, આંખોમાંથી વહી જતાં આંસૂ જોઇને અચાનક અંદર આવી ચડેલ તાનસેન બૈજુને ભેટી પડયો. બૈજુએ પોતાની તન્મયતામાંથી મુક્ત થઈ જોયું કે, 'આ તો પિતાનો વૈરી તાનસેન છે. પણ હવે કયાં શત્રુ છે? તેની શત્રુતા મેં પરમાત્મ ભક્તિથી ખલાસ કરી નાખી. શત્રુ મરી ગયો, પિતાજીની ઇચ્છા પૂર્ણ થઈ.

પરમાત્મ ભક્તિથી સંકલેશો, કષાયોના ચૂરેચૂરા થાય છે. વળી કામવાસના પણ પીગળી જાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મોક્ષાષ્ટક-સાર

૧. સપૂંર્ણ કર્મના ક્ષયથી મોક્ષ થાય, તે જન્મ, મૃત્યુ, જરા, આદિથી રહિત શરીર, અને મનની પીડાથી મુક્ત અને સર્વથા સુખમય છે.

૨. જ દુઃખથી મિશ્ર ન હોય, અને આવ્યા પછી જાય નહિ, એવું હોય, કોઇપણ વાંછાવગરનું હોય, તે પરમપદ કહેવાય.

૩. ખાવાપીવા આદિના સુખવગરનું સુખ, તે સુખ ન કહેવાય, એમ માનનાર કહે છે, કે સિધ્ધોને ખાવાનું નહિ, પીવાનું નહિ. ભોગના સાધનોને ઉપભોગ નહિ. તો પછી એમને સુખ કેવું? એવું બોલનારને આ પ્રમાણે પૂછવું.

૪. ખાવા–પીવા–આદિ ભોગોનું ફળ શું? ભૂખ તરસની શાંતિ, ભૂખ તરસની શાંતિથી શું લાભ? સ્વાસ્થ્ય-એટલે સર્વથા પીડાનો અભાવ, એ પીડાનો અભાવ તેમને હંમેશા હોય છે. ભુખ–તરસ વિગેરે હોતા નથી, સ્વાસ્થ્ય અખંડ હોય છે. એજ પરમ સુખ છે.

જેને રોગ આદિથી શરીર અસ્વસ્થ હોય, તેને ઔષધ અપાય છે. સ્વસ્થ શરીરવાળાને ઔષધ આપવા પડતા નથી. ભૂખ, તરસ, ટાઢ, ગરમી આદિ કોઈપણ પીડા, જેમને શરીરના અભાવ હોતી નથી. એવી. સ્વસ્થાના પ્રાપ્તના ટોચે પહોચલા એ સિદ્ધભગવંતોને માટે અન્નપાન આદિના ભોગો જરૂરત છે જ નહિ

૬. એવી રીતે મૈથુન સંજ્ઞાને સમાવવા માટે સેવવામાં આવતું વિષયોનુ સુખ પણ મોહના અભાવવાળાએ પરમ ઉચ્ચ દશાવંત આત્માઓને કાંઇપણ જરૂરનું હોતું નથી. શરીરમાં ખણજ આવતી હોય, અને ખણવાની જરૂર પડે. જેમને મોહનો ઉદયજ નથી. એથી વિષયની ઇચ્છારૂપ ખણજનો લેશમાત્ર નથી. એવા પરમસુખમાં રકત રહેલા સિદ્ધભગવંતોને વિષયોનું સુખ કાંઇપણ કામનું નથી. એમને જરૂર છે જ નહિ.

૭. સિદ્ધના સુખનું સ્વરૂપ કેવું છે? સ્વાધીન, વિષયાકાંક્ષા વગરનું, દુઃખના પ્રતિકારકરૂપ નહિ, પણ સાચા સુખ સ્વરૂપ, સ્વાભાવિક આત્માનું પોતાનું નિત્ય, આદિ અનંત જેમાંથી પડવાનો ભય નથી, એવું એ મોક્ષસુખ છે.

૮. અન્યમતવાળા વિચક્ષણ પંડિત મહાત્માઓ એને પરમાનંદરૂપ કહે છે. તે આ રીતે સકલ કલ્યાણરૂપ હોવાથી પરમાનંદ સ્વરૂપ કહેવાય, એ બરાબર ઉચિત છે.

એ યોગીઓ એટલે કેવલી ભગવંતોને અનુભવમાં હોય છે. બીજાઓને માટે શ્રવણનો વિષય છે. શ્રવણ પણ એ જેવું છે એવું તો થાય નહિ, કારણ કે – એ સુખની ઉપમા નહિ હોવાથી કેવલી ભગવંતોથી પણ જાણવા છતાં, કહી શકાય નહિ. એવું હોય છે. આવા મોક્ષસુખના વાંછા ભાવિક આત્માઓ સદાય રાખે છે. અને એનાજ લક્ષ્યે શુદ્ધ જીવન જીવવા પ્રયત્ન કરે છે એમનું જ જીવતર ધન્ય કહેવાય છે.

ઇતિ હરિભદ્રસૂરી કૃત અષ્ટક પ્રકરણમાંથી બત્રીશના અષ્ટકનો કાંઇક સાર....સંપૂર્ણ....

—પૂ. આ. દેવશ્રી માનતુંગસુરીશ્વરજી મહારાજ સાહેબ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દૂબળો પાતળો સંન્યાસી

ભારતના દક્ષિણ રાજ્યના કોઇ પહાડની પાસે વહી જતી નદીના તટે એક યુવાન વિદ્યાર્થી બેઠો હતો. 'પાંતજલ યોગ સૂત્ર' પુસ્તક વાંચતા વાંચતા "બ્રહ્મચર્ય પ્રતિષ્ઠાયાં વીર્યલાભ:" આ સૂત્ર તેની નજરે આવ્યું.

ત્યાં સામેથી એક દુબળો સંન્યાસી આવતો હતો. તેમને જોઇને યુવાન હસી પડયો. પેલા સૂત્રનો મોટેથી પાઠ કરવા લાગ્યો. ધીરે ધીરે હસવા લાગ્યો. આ મોટો બ્રહ્મચારી! કયાંય દેખાય છે વીર્યલાભ? આના કરતાં દુરાચારીઓ પણ પઠ્ઠા હોય છે હટ્! પતંજલ યોગ— out of date.

પણ યુવાનને ખબર નહતી કે શરીરની હૃષ્ટપુષ્ટતા એ કાંઇ વીર્યલાભ નથી. શબ્દમાં તાકાત, આત્મામાં તેજ અને મુખ પર ઓજસ—એ સાચો વીર્યલાભ છે.

નજીક આવતો સંન્યાસી યુવાનના મનોભાવ પામી ગયો. તેથી યુવાન પાસે આવીને સત્તાવાહી સૂરે સંન્યાસીએ કહ્યું, "અય! ઉઠ, ચલ મેરી સાથ"

કોઈ અણપ્રીછયા આકર્ષણે ખેંચાતો યુવાન તેની પાછળ ચાલવા લાગ્યો. જેવા સંન્યાસીએ ગુફામાં પ્રવેશ કર્યો કે ત્રણ બાજુથી ત્રણ સિંહ તેની પાસે દોડી આવ્યા. પૂંછડી પટપટાવતા ઉભા રહ્યા. જાણે પાળેલા કૂતરા.

પેલો યુવાન તો ધ્રુજી ઉઠયો. સંન્યાસીના બે પગ વચ્ચે ભરાઈ ગયો. સંન્યાસીએ ત્રણે સિંહને ઉદ્દેશીને કહ્યુ, "અય! ચલે જાઓ યહાંસે! સમજતે નહિ હો? અતિથિ કાંપ રહા હૈ!" અને પૂંછડી પટપટાવતા સિંહો ચાલ્યા ગયા.

પગમાંથી બહાર નીકળેલા યુવાનને પોતાની સામે ખડો કરી દઇને સંન્યાસી બોલ્યા, "કયોં અબ સમજ ગયા ન" 'બ્રહ્મચર્ય પ્રતિષ્ઠાયાં વીર્યલાભઃ' કા મતલબ કયા હૈ?

યુવાન શરમિંદો બની ગયો, અને સંન્યાસીના ચરણમાં નમી પડયો.

---

( અનુસંધાન ટાઈટલ પેજ ૧નું ચાલુ )

જ્ઞાનગર્ભિત વૈરાગ્ય પુત્રનો જન્મ થતાં, આત્માએ મંગળ રૂપ વધાઇ વાંચી અને મનમાં હર્ષ પામ્યો, વૈરાગ્યે પુણ્ય; પાપ બે પડોસીને પણ ખાધાં, મોહનું ભક્ષણ કર્યું, માન અને લોભરૂપ મામાનું પણ ભક્ષણ કર્યું, મોહનગરના રાજાનો પણ નાશ કર્યો. પછી પ્રેમ રૂપી ગામનું પણ ભક્ષણ કર્યું. આ પુત્રે મોટા થતાં, 'ભાવ' નામ ધારણ કર્યું, ઉપશમ ભાવ, ક્ષમોપશમ ભાવ, ક્ષાયિક ભાવની વૃદ્ધિ થતાં, તેના મહિમા વર્ણવી શકાતો નથી. આનન્દના સમૂહભૂત એવા હે મનુષ્યો! પરમાત્માનો ભાવ પ્રકટ કરો, તેવા પ્રકારનો ભાવ સર્વ આત્મામાં સત્તાએ રહ્યા છે. માટે તેવા પ્રકારનો ભાવ પ્રકટ કરો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





## દરેક લાયબ્રેરી તથા ઘરમાં વસાવવા જેવા અલભ્ય ગ્રંથો

| સંસ્કૃત ગ્રંથો | કીંમત |
|---|---|
| ત્રીશષ્ઠી શ્લાકાપુરુષ ચરિતમ્ મહાકાવ્યમ્ ૨-પૂર્વ ૩-૪ પુસ્તકાકારે (મૂળ સસ્કૃત) | ૨૦-૦૦ |
| ત્રિશષ્ઠિ શ્લાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પ્રતાકારે (મૂળ સંસ્કૃત) | ૨૦-૦૦ |
| દ્વાદશાર નયચક્રમ્ ભાગ ૧લો | ૪૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૨જો | ૪૦-૦૦ |
| શ્રી નિર્વાણુ કેવલી ભુક્તી પ્રકરણ-મૂળ | ૧૦-૦૦ |
| જિનદતા આખ્યાન | ૮-૦૦ |
| શ્રી સાધુ-સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાસૂત્ર પ્રતાકારે | ૫-૦૦ |
| પ્રાકૃત વ્યાકરણમ્ | ૨૫-૦૦ |

| ગુજરાતી ગ્રંથો | |
|---|---|
| શ્રી શ્રીપાળરાજાનો રાસ | ૨૦ ૦૦ |
| શ્રી જાણ્યું અને જોયું | ૩-૦૦ |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૮-૦૦ |
| શ્રી કથારત્ન કોષ ભાગ ૧લો | ૧૪-૦૦ |
| શ્રી આત્મકાન્તિ પ્રકાશ | ૩-૦૦ |
| શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ ૧-૨-૩ સાથે લે. સ્વ. પૂ.આ. શ્રીવિ. કસ્તુરસૂરીશ્વરજી | ૨૦-૦૦ |
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૧ | ૧૫ ૦૦ |
| ,, ,, ભાગ-૨ | ૩૫-૦૦ |

| ગુજરાતી ગ્રંથો | કીંમત |
|---|---|
| શ્રી શંત્રુજય ગિરિરાજ દર્શન | ૬-૦૦ |
| વૈરાગ્ય ઝરણા | ૨-૫૦ |
| ઉપદેશમાળા ભાષાંતર | ૩૦-૦૦ |
| ધર્મ કૌશલ્ય | ૩-૦૦ |
| નમસ્કાર મહામંત્ર | ૩-૦૦ |
| પૂ૦ આગમ પ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલી વિશેષાંકઃ પાકુ બાઈન્ડીંગ | ૮-૦૦ |
| ધર્મબીન્દુ ગ્રંથ | ૧૦-૦૦ |
| સુક્ત રત્નાવલી | ૦-૫૦ |
| સુક્ત મુક્તાવલી | ૦-૫૦ |
| જૈન દર્શન મીમાંસા | ૩-૦૦ |
| શ્રી શંત્રુજય તીર્થનો પંદરમો ઉદ્ધાર | ૧-૦૦ |
| આર્હત્ ધર્મપ્રકાશ | ૧-૦૦ |
| આત્માનંદ ચોવીશી | ૧-૦૦ |
| બ્રહ્મચર્ય ચારિત્ર પૂજાદિત્રયી સંગ્રહ | ૩-૦૦ |
| આત્મવલ્લભ પૂજા | ૧૦-૦૦ |
| ચૌદ રાજલોક પૂજા | ૧-૦૦ |
| નવપદજીની પૂજા | ૩-૦૦ |
| ગુરૂભક્તિ ગહુંલી સંગ્રહ | ૨-૦૦ |
| ભક્તિ ભાવના | ૧-૦૦ |
| હું અને મારી બા | ૫-૦૦ |
| જૈન શારદા પૂજનવિધિ | ૦-૫૦ |

લખો :- **શ્રી જૈન આત્માનંદ સભા** ખારગેઈટ, ભાવનગર (સૌરાષ્ટ્ર)


તંત્રી : શ્રી પોપટભાઈ રવજીભાઈ સલોત શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ, આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only